ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૪.૦૮.૨૦૧૮

---------------

**તારીખ ૨૫ થી ૨૭ ઓગષ્ટ દરમ્યાન ગુજરાતની પાંચ પવિત્ર નદીઓમાં આદરણીય અટલજીના અસ્થિ વિસર્જન**

---------------

**આવતીકાલ તારીખ ૨૫ ઓગષ્ટના રોજ સુરતની તાપી નદી, સિધ્ધપુરમાં સરસ્વતી નદી તથા સોમનાથ ત્રિવેણી સંગમમાં આદરણીય અટલજીના અસ્થિ વિસર્જન કરવામાં આવશે**

---------------

**તારીખ ૨૭ ઓગષ્ટના રોજ વડોદરાની મહિસાગર નદી તથા ભરૂચની નર્મદા નદીમાં આદરણીય અટલજીના અસ્થિ વિસર્જન કરવામાં આવશે**

---------------

## ૨૫ ઓગષ્ટ

**સુરત ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર ઉપસ્થિત રહેશે**

**સિધ્ધપુર ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઇ ચૌધરી તથા પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી ઉપસ્થિત રહેશે**

**સોમનાથ ખાતે કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, કેબીનેટ મંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા શ્રી આર.સી.ફળદુ ઉપસ્થિત રહેશે**

---------------

## ૨૭ ઓગષ્ટ

**વડોદરામાં કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઇ રૂપાલા તથા પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.**

**ભરૂચ ખાતે કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી ગણપતભાઇ વસાવા, શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર ઉપસ્થિત રહેશે**

---------------

પ્રદેશ મીડિયા સેલની અખબાર યાદી જણાવે છે કે, ભારતના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન શ્રી અટલ બિહારી બાજપાઇજીનું તારીખ ૧૬ ઓગષ્ટના રોજ દુ:ખદ્ અવસાન થયું હતુ. વિચક્ષણ બુધ્ધિ પ્રતિભા ધરાવનાર સ્વર્ગસ્થ અટલજી મહાન વક્તા, વિદ્‌વાન રાજનેતા, કવિહ્રદયી તથા પ્રખર દેશપ્રેમી હતા. તેઓ કરોડો દેશવાસીઓના પ્રિય નેતા હતા. તેમના અવસાનથી દેશને પૂરી ના કરી શકાય તેવી ખોટ પડી છે.

આદરણીય બાજપાઇજીના અસ્થિનું વિસર્જન દેશના જુદા જુદા રાજ્યોની પવિત્ર નદીઓમાં કરવામાં આવી રહ્યુ છે. ગત તારીખ ૨૨ ઓગષ્ટના રોજ અમદાવાદ ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી,

..૨..

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સહિત હજારો કાર્યકરો અને નગરજનોની ઉપસ્થિતિમાં પવિત્ર સાબરમતી નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવ્યુ હતુ.

આવતીકાલે ૨૫ ઓગષ્ટના રોજ સુરતની તાપી નદી, સિધ્ધપુરમાં સરસ્વતી નદી તથા સોમનાથ ત્રિવેણી સંગમમાં આદરણીય અટલજીના અસ્થિ વિસર્જન કરવામાં આવશે.

**૨૫ ઓગષ્ટ** - સુરત ખાતે બપોરે ૧૨.૦૦ વાગે કામરેજ થી અસ્થિકૂંભ યાત્રા શરૂ થશે. ત્યારબાદ ૪.૦૦ વાગે કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ પાસે તાપી નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવશે. જેમાં પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી તથા પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર ઉપસ્થિત રહેશે.

**૨૫ ઓગષ્ટ** - સિધ્ધપુર ખાતે બપોરે ૩.૦૦ કલાકે આંબેડકર ચોકથી અસ્થિકૂંભ યાત્રા શરૂ થશે. ત્યારબાદ બીંદુ સરોવર, સરસ્વતી નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવશે. જેમાં નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી કે.સી.પટેલ, કેન્દ્રીય મંત્રીશ્રી હરિભાઇ ચૌધરી તથા પૂર્વ મંત્રીશ્રી શંકરભાઇ ચૌધરી ઉપસ્થિત રહેશે.

**૨૫ ઓગષ્ટ** – વેરાવળ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે સોમનાથ યુનિવર્સીટી, સંજયનગર પાસેથી અસ્થિકૂંભ યાત્રા શરૂ થશે અને ૧૨.૩૦ કલાકે સોમનાથ-ત્રિવેણી સંગમમાં અસ્થિ વિસર્જન કરવામાં આવશે. જેમાં કેન્દ્રિય મંત્રીશ્રી મનસુખભાઇ માંડવીયા, કેબીનેટ મંત્રીશ્રીઓ શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા શ્રી આર.સી.ફળદુ ઉપસ્થિત રહેશે.

તારીખ ૨૭ ઓગષ્ટના રોજ વડોદરાની મહિસાગર નદી તથા ભરૂચની નર્મદા નદીમાં આદરણીય અટલજીના અસ્થિનું વિસર્જન કરવામાં આવશે.

**૨૭ ઓગષ્ટ** – વડોદરા ખાતે સવારે ૧૦.૦૦ કલાકે પંડિત દીનદયાળ ભવન, સયાજીગંજથી અસ્થિકૂંભ યાત્રા શરૂ થશે અને ૧૨.૩૦ કલાકે ફાજલપુર પાસે મહિસાગર નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવશે. જેમાં કેન્દ્રીય મંત્રીશ્રી પરષોત્તમભાઇ રૂપાલા તથા પ્રદેશ મહામંત્રીશ્રી શબ્દશરણભાઇ બ્રહ્મભટ્ટ ઉપસ્થિત રહેશે.

**૨૭ ઓગષ્ટ** - ભરૂચ ખાતે બપોરે ૨.૩૦ કલાકે શ્રવણ ચોકડીથી અસ્થિકૂંભ યાત્રા શરૂ થશે. ત્યારબાદ ઝાડેશ્વર,બીએપીએસ મંદિરના હોલમાં ૫.૦૦ થી ૬.૦૦ સર્વદલીય પ્રાર્થનાસભા અને સાંજે ૬.૩૦ કલાકે નીલકંઠેશ્વર મહાદેવ મંદિર પાસે નર્મદા નદીમાં અસ્થિ વિસર્જન કરવામાં આવશે. જેમાં કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ શ્રી ગણપતભાઇ વસાવા અને શ્રી પ્રદિપસિંહ જાડેજા તથા પ્રદેશ મહામંત્રીશ્રી ભરતસિંહ પરમાર ઉપસ્થિત રહેશે.

ઉપરોક્ત દરેક સ્થાનો પર પ્રદેશ અગ્રણીશ્રીઓ, શહેર-જીલ્લાના આગેવાનો, સામાજીક અગ્રણીશ્રીઓ, કાર્યકરો અને અટલપ્રેમી નગરજનોની ઉપસ્થિતિમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે અસ્થિ વિસર્જન કરવામાં આવશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

**ભારતીય જનતા પાર્ટી**
**ગુજરાત પ્રદેશ**
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૪.૦૮.૨૦૧૮

---------------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ દ્વારા બધા જ રાજ્યોના ભાજપા સંગઠન એકમોને કેરળની આ દુ:ખદ્ ઘટનામાં પોતાની યથાશક્તિ મુજબ સેવાકાર્યમાં મદદરૂપ થવા અપીલ**

---------------

**કેરળમાં આપણા બાંધવો મુશ્કેલીમાં છે ત્યારે માનવતાકાજે અને દેશકાજે તેમની આ મુશ્કેલીમાં મદદરૂપ થવુ અને સહાય પૂરી પાડવી એ આપણા સૌની એક ભારતીય તરીકે નૈતિક ફરજ છે**
**– શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

**પૂરગ્રસ્ત કેરળના અસરગ્રસ્તોને મદદરૂપ થવા ગુજરાત ભાજપા દ્વારા રાહતસામગ્રી એકત્રિત કરી પહોંચાડવામાં આવશે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------------

પ્રદેશ મીડિયા વિભાગની અખબાર યાદી જણાવે છે કે, કેરળ રાજ્યમાં આ સદીની સૌથી ભયંકર વિનાશકારી કુદરતી આફત અતિવૃષ્ટિ અને પૂરના સ્વરૂપે આવેલ છે. જેમાં ૪૦૦ થી વધુ લોકોના મૃત્યુ થયા છે અને લાખો લોકો અસરગ્રસ્ત થયા છે તેમજ મોટા પાયે ખેતી અને જાનમાલનું નુકશાન થયેલ છે.

આ વિનાશકારી પૂરની ભયાનકતા અને મોટા પાયે થયેલ નુકશાનને ધ્યાનમાં લઇ કેન્દ્ર સરકારે ૬૦૦ કરોડની સહાય તેમજ ભાજપા શાસિત રાજ્યો દ્વારા પણ આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે. ગુજરાત સરકારે પણ ૧૦ કરોડ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત કરી છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહે બધા જ રાજ્યોના ભાજપા સંગઠન એકમોને કેરળની આ દુ:ખદ્ ઘટનામાં પોતાની યથાશક્તિ મુજબ સેવાકાર્યમાં મદદરૂપ થવા, આર્થિક સહાય આપવા તેમજ પૂર અસરગ્રસ્ત લોકોને વહેલામાં વહેલી તકે રાહતસામગ્રી પહોંચાડવા માટે આહવાન્ કરેલ છે.

જે અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ગુજરાતના તમામ જીલ્લા/મહાનગરના ભાજપા સંગઠનને તથા ભાજપા કાર્યકરોને આ સેવાકાર્યમાં જોડાવા માટેની અપીલ કરતા જણાવ્યુ હતુ કે, કેરળમાં આપણા બાંધવો મુશ્કેલીમાં છે ત્યારે માનવતાકાજે અને દેશકાજે તેમની આ મુશ્કેલીમાં મદદરૂપ થવુ અને સહાય પૂરી પાડવી એ આપણા સૌની એક ભારતીય તરીકે નૈતિક ફરજ છે. દરેક જીલ્લા/મહાનગર ભાજપા કાર્યાલય ખાતે રાહતસામગ્રી એકઠી કરી તેમજ યથાશક્તિ આર્થિક મદદ માટે પણ પૂરસહાય માટે નિર્ધારિત ટ્રસ્ટના નામે ચેક એકત્રિત કરી માનવસેવાના આ ભગીરથ કાર્યમાં જોડાવા માટે ભાજપાના સૌ કાર્યકરોને નમ્ર અપીલ કરૂં છું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ